Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैनधर्मप्रकाश.

# JAINA DHARMA PRAKASH.

પુસ્તક ૨ જું. અધિક જેઠ શુદી ૧૫ સંવત ૧૯૪૨ અંક ૩ જો.

सापरतिलेतम् [illegible]

इंद्रवज्रा.

जिनेंद्र पूजा गुरु पर्यु पास्तिः
सत्वानु कंपा शुभ पात्र दानं
गुणानुरागः श्रुति राग मस्य
नृजन्म वृक्षस्य फलान्य मूनि ॥१॥

પ્રગટ કર્તા.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર.

अमदावादमां.

[illegible] પ્રેસમાં

[illegible] છાપી પ્રસિદ્ધ કર્યું.

[illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## विज्ञाप्ति.

સર્વે સુજ્ઞ ગ્રાહકોએ આ ચોપાનીઆના સ્વલ્પ મૂલ્ય તરફ વિચાર ન કરતાં તેનું સારી રીતે બહુ માન સાચવી વાંચવું. બીલકુલ આસાતના કરવી નહીં કારણ કે જ્ઞાનની આસાતના કરવાથી અજ્ઞાનપણું પ્રાપ્ત થાય છે અર્થાત્ જ્ઞાનાવરણી કર્મ બંધાયછે. આ વાક્યને લક્ષમાં રાખીને ચોપાનીયું વાંચીને રખડતું ન મૂકતાં યોગ્ય સ્થાનકે મૂકી વિનય સાચવવો જેથી કરેલો પ્રયાસ સફળ થાય.

## अनुक्रमणिका.


| વિષય. | પૃષ્ઠ |
|---|---|
| ૧ શ્રી જિન સ્તુતિ. ... ... ... ... ... | ...૩૧ |
| ૨ ધર્મવિચાર (જિનદર્શન) ... ... ... ... | ...૩૧ |
| ૩ સમકિત (આરામ નંદનની કથા) ... ... .. | ...૩૮ |
| ૪ સત્ય. (અજાપુત્ર ચરિત્ર) ... ... ... ... | ...૪૧ |
| ૫ શત્રુંજય. ... ... ... ... ... | ...૪૩ |


## બોકડાઓનું સંરક્ષણ.

(આશ્રયની જરૂર)

શ્રી પાળીતાણા અને છાપરીઆળીની પાંજરાપોળમાં બોકડાઓનું સંરક્ષણ સારી રીતે થવામાં કેટલીએક અડચણો હોવાથી એ બાનું ખાસ આ ગોઘાની પાંજરા પોળના રક્ષણ કર્તાઓને સોંપવામાં આવેલું છે. ત્યાં બોકડાઓની સારસંભાળ ઘણી સારી રીતે થવાથી તેનો બચાવ થવા પામે છે અને તેને ખોરાક પણ સારો મળે છે પરંતુ એ કારણથી ખર્ચ વધતો છે માટે દરેક સ્વધર્મી બંધુઓએ તે જીવ દયાના કાર્યમાં યથાશક્તિ મદદ આપવી જોઈએ એવી અમારી વીનંતી છે તે લક્ષમાં આવશે તો ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# श्री जैन धर्म प्रकाश.

# JAINA DHARMA PRAKASH.

દોહરો.

અત્યુપયોગી વિષયથી, પામી પ્રાગ્યુ વિકાશ;
જૈન ધર્મ ઉજ્વાળવા, પ્રગટ્યું જૈનપ્રકાશ.

પુસ્તક ૨ જું. શક ૧૮૦૭ અધિક જેષ્ટ શુદી ૧૫. સંવત ૧૯૪૨. અંક ૩ જો.


## श्री जैन धर्मो जयति.

## जिनस्तुति.

(ભુજંગી વૃત)

સૂરેંદા નરેંદા દીણંદા મુનેંદા,
નમે જેહના રમ્ય પાદારવિંદા;
અરિહંત સંસારકૂ પાર તારે,
પ્રભુ સેવકોની વિનંતિ સ્વીકારે. ૧
મહા રાગનો પાસ જેને ન લાગ્યો,
મહા લોભનો થોભ તો દૂર ભાગ્યો;
ગયા કર્મ વિપાક છંડી વિકારે,
પ્રભુ સેવકોની વિનંતિ સ્વીકારે. ૨
મહા ક્રોધ દાવાનલો દૂર કીના,
રહે શાંતમાં મગ્નતાથી ભરીના;
મહા જ્ઞાનના દાનથી કષ્ટ વારે,
પ્રભુ સેવકોની વિનંતિ સ્વીકારે. ૩
મહા વીર્ય ગંભીર્યનો પાર નાહિ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહ્યાછો સદા સ્થિર સંતોષ માંહી;
દયાળુ સદા કર્મ જંજીરટાળો,
પ્રભુ સેવકોની વિનંતિ સ્વીકારો. ૪
કેઈ દેવતા નગ્ન થઈ નાર આગે,
નચે ને કરે સ્ત્રી તણી ભક્તિ રાગે;
એવા દેવ તજીએ મૂકીને અટારો,
પ્રભુ સેવકોની વિનંતિ સ્વીકારો. ૫
સદા સૌમ્ય મૂર્તિ અરિહંત કેરી,
ન રૂચે વિના તેહથી જે અનેરી;
હમારે સદા આશરો છે તમારો,
પ્રભુ સેવકોની વિનંતિ સ્વીકારો. ૬
ઘણા કાળથી લાખ ચોરાશી રૂપે,
ભમે જંતવો મોહ સંસાર કૂપે;
અમારા સદા સંકટો દૂર વારો,
પ્રભુ સેવકોની વિનંતિ સ્વીકારો. ૭
કરૂણા નિધિ દેવ કલ્યાણકારી,
કરૂણા કરો વિનતિ છે અમારી;
ક્ષમા કીજીએ વાંક આવ્યા હજારો,
પ્રભુ સેવકોની વિનંતિ સ્વીકારો.
ઇતિ સ્તુતિ અષ્ટકં.

## ધર્મ વિચાર.

(જિન દર્શન.)

ગ્રીષ્મ ઋતુનો અમલ બેસી ગયો હતો. તાપ સખ્ત હતો. નદી નાળાં અને સરોવરો સૂકાઈ ગયા હતાં; કુવાના ઊંડા ગયા હતાં; વૃક્ષોના પાંદડાં ખરી જવાથી પરિશ્રમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ાર્ગુઓને છાયા મળી શકતી નહોતી; શુદ્ધ ચતુર્દશીનો દિવસ
ા; સાયંકાળ થયો હતો; સૂર્ય પણ પોતાની બીજી દુનીઆ
હાવિદેહ) માં ગમન કરી ગયેલા હોવાથી ચંદ્રમાએ પોતાની
ારી શેત્રુંજી આ ફાની દુનિઆ ઉપર પાથરી દીધી હતી. પક્ષીઓ પો-
પોતાના માળાને શોધી પ્રવેશ કરી ગયા હતા. મયૂરો પોતાનો મધુર
વર કાઢી વૃક્ષને શોભા આપી રહ્યા હતા. તારાઓ એક પછી એક
ગગનમંડળમાં દ્રષ્ટીગત થતા હતા. વ્યાપારી લોકો પોતાના કામ-
થી અને વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસથી પરવારી, દિવસની સખ્ત ગરમીથી
ઠંડાસો પામી બાગ બગીચા તરફ ખુલ્લી હવામાં ફરવા નીકળી
પડયા હતા, શ્રાવકો પાક્ષિક પ્રતિક્રમણ કરવા બેસી ગયા હતા.
પ્રતિક્રમણ ભણાવનારના મધુર સ્વરથી સભા આનંદિત થઇ રહી
હતી. એવે સમયે શહેરની અંદરના એક જૈન મંદિરમાં જુદીજ
તરેહનો બહાર મચી રહ્યો હતો. ઘણા સ્ત્રી પુરૂષો સુંદર વસ્ત્રાભરણ
ધારણ કરી તે દેરાસર તરફ આવાગમન કરી રહ્યા હતા. નોબતો
ગડગડતી હતી. શરણાઇમાં ગવાતા જુદી જુદી જાતના રાગથી રસ્તે
ચાલનારા મનુષ્યો આનંદ પામતા હતા. દહેરાના ગઢના કાંગરા
સાથે એવી રોશની કરવામાં આવી હતી કે દ્વારની અંદર દાખલ
થતાંજ દિપોત્સવીના મહોત્સવી દિવસનું સ્મરણ થતું હતું. મુખ્ય
મૂળનાયકજીની આંગી પૂર્ણ સુગંધી ડોલરના ફુલથી એવી સરસ રીતે
કરવામાં આવી હતી કે જિનમુદ્રા જોતાંજ દર્શને જનાર મનુષ્યના
મનરંજન થઇ શુભભાવ રૂપજળે કરીને કર્મ મળનું પ્રક્ષાલન થઇ
જતું હતું અને આસપાસ ફુલની સુગંધે કરીને મઘમઘાટ થઇ રહ્યો
હતો. રંગમંડપ માંહેની રોશની, આંગીનો ઠાઠ, અને પ્રભુ સન્મુખ
થતું ગાયન સાંભળી દર્શનાર્થી ભવ્ય પ્રાણીઓના ચિત્તને ઉલ્લાસ થતો
પડતો. શુભસ્વર યુકત ગાયન, અને વીણાના સરોદ અને મરદંગનો
પણઅવાજ તે સમકિતી જીવોના શુભભાવનો વિસ્તાર કરવાને માટે બસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતાં. આવા આનંદી અવસરે જિન દર્શનથી જેઓના ચિત્તને પણો- લ્લાસ પ્રાપ્ત થયોછે એવા જ્ઞાનચંદ્ર અને વિનયચંદ્ર નામના બે યુવા- વસ્થાને પ્રાપ્ત થયેલા સુમિત્રો રંગમંડપની બહારની ચોકી ઉપર બેઠા બેઠા ધર્મચરચા કરતા હતા. વાતના અનુક્રમમાં જિનદર્શનનો પ્રસંગ નિકળવાથી વિનયચંદ્રે જ્ઞાનચંદ્ર નામના પોતાના વડીલ મિત્રને પૂછયું "હે ધર્મબંધુ! જિન દર્શને જવાથી શું ફળની પ્રાપ્તિ છે, જિ- નદર્શન કરવાનો મુખ્ય હેતુ શુંછે, અને જિનદર્શન શી રીતે અને કેવ ‌તે વિધિએ કરીને કરવાનું છે તે કહેવા કૃપા કરો."

પોતાના લઘુ મિત્રનો આવો અત્યુપયોગી પ્રશ્ન સાંભળીને અને તેનો ઉત્તર સાંભળવાની તેની અત્યુત્સુકતા જાણીને જ્ઞાનચંદ્ર બોલ્યા— હે વિનયચંદ્ર! જિનદર્શન કરવાનું ફળ શાસ્ત્રકારે આ પ્રમાણે કહેલુંછે

"પ્રથમ દેહેરે જવાનું મન કરતાં ચોથભક્ત (એક ઉપવાસ) નું ફળ થાય; અને દર્શને જવા માટે ઉઠતાં બે ઉપવાસનું ફળ થાય જવા માંડે ત્યારે ત્રણ ઉપવાસનું ફળ થાય; ડગલું ભરતાં ચાર ઉ- પવાસનું ફળ થાય; માર્ગે ચાલતાં પાંચ ઉપવાસનું ફળ થાય; અર્ધ પંથે પહોચતાં પંદર ઉપવાસનું ફળ થાય; જિનચૈત્યને દ્રષ્ટીએ દેખ- તાં માસ ઉપવાસનું ફળ થાય; જિનચૈત્યની નજીક પહોચતાં છમાસ ઉપવાસનું ફળ થાય; જિનમંદીરના આદ્યદ્વારમાં પ્રવેશ કરતાં વરસી તપનું ફળ થાય; પ્રદક્ષિણા દેતાં સો વરસ ઉપવાસનું ફળ થાય; ભગ- વંતને દ્રષ્ટીએ દેખતાં હજાર વરસ ઉપવાસનું ફળ થાય; અને શુદ્ધ- ભાવે કરીને જિનેશ્વર જુહારતાં અપાર ફળની પ્રાપ્તિ થાય તેમજ જિન પૂજા કરતાં તેથી પણ સોગણું ફળ થાય; પુષ્પમાળા પ્રભુને કંઠે આરોપણ કરતાં તેથી પણ અધિક ફળ થાય; યાવત્ ગીત, વાજીંત્ર અને નૃત્ય પૂજા કરતાં અનંત ફળ થાય. આ પ્રમાણે શ્રી વિનય- વિજયજી ઉપાધ્યાયજીએ કહેલું છે.

જિન દર્શને જવામાં મુખ્ય હેતુ સમકિતની પ્રાપ્તિ અથવા શુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે કરવી તેછે, અને તેથી સમકિતની પ્રાપ્તિ થાયછે, યાવત્ દિવસા-દિવસ શુભ ભાવની વૃદ્ધિ થાયછે, અને મોક્ષ સુખ પણ પામી શકાયછે"

વિનયચંદ્ર—જિનદર્શન કરવાની વિધિ શાસ્ત્રકારે શી રીતે કહેલી છે?

જ્ઞાનચંદ્ર—પ્રીય બંધુ! જિનદર્શન કરવા નિમિત્તે જિન મંદી-માં પ્રવેશ કરતાં 'નિસીહી'[1] કહેવી એમ શાસ્ત્રકારે કહેલું છે અને । પ્રમાણે કુલ ત્રણ વખત 'નિસીહી' કહેવાની કહી છે.

વિનય૦—પહેલી નિસીહી ક્યાં અને શા નિમિત્તની કહેવી?

જ્ઞાન૦—જિન મંદીરના અગ્રદ્વારે ગૃહવ્યાપારનો ત્યાગ કરવા રૂપ પ્રથમ નિસીહી કહેવી.

વિનય૦—બીજી નિસીહી ક્યાં અને શા નિમિત્તે કહેવી?

જ્ઞાન૦—જિનમંદીરના મધ્યદ્વારે એટલે રંગમંડપમાં પ્રવેશ કર-તાં જિનચૈત્ય સંબંધી વ્યાપારનો ત્યાગ કરવા રૂપ બીજી નિસીહી કહેવી. (સુજ્ઞ શ્રાવકોને સ્મરણમાંજ હશે કે જિનમંદિરમાં આવીને તે સંબંધી સર્વે કાર્યની સાર સંભાળ અને તપાસ કરવી તે આપણી ફરજ છે અને તે ફરજ પૂરેપૂરી રીતે બજાવીને એટલે દરેક કાર્યમાં ધ્યાન આપી ઘટીત યોજના કરીને રંગમંડપમાં જિનદર્શન માટે પ્ર-વેશ કરતાં આ બીજી નિસીહી આ બધા કાર્યોનો ત્યાગ કરી ફકત એક ચિત્તે જિનદર્શન કરવાના આશયને બતાવવા નિમિત્તે કહેવાનીછે.)

વિનય૦—ત્રીજી નિસીહી ક્યાં અને શા નિમિત્તે કહેવી?

જ્ઞાન૦—જિનપૂજા સંબંધી વ્યાપારનો ત્યાગ કરવા રૂપ ત્રીજી નિસીહી ચૈત્યવંદન કરવાના પ્રારંભમાં કહેવી.[2]

---

૧ નિસીહી–નૈષેધિકી સં૦ નિષેધને બતાવનારી.

૨ હાલમાં અજ્ઞાનપણાને લીધે દર્શન કરવા આવનાર ગભારા પાસે આવીને દર્શન કરવાના પ્રારંભમાં એક સાથે ત્રણે નિસીહી કહેછે પરંતુ કહેવાની વિધિ તો ઉપર બતાવી તેછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિનય૦—પહેલી વખત નિસીહી કહીને જિનમંદીરમાં પ્રવેશ કર્યા પછી શું કરવું?

જ્ઞાન૦—પ્રવેશ કરીને મૂળનાયકજીની સન્મુખ આવી અંજળીબદ્ધ પ્રણામ[1] કરી પોતાના ડાબા હાથ તરફ અને પ્રભુની દક્ષિણ દિશા તરફ થઇને ત્રણ પ્રદક્ષિણા દેવી પ્રદક્ષિણા દેતાં જીવજંતુની રક્ષા નિમિત્તે નીચી દ્રષ્ટી રાખીને ચાલવું અને અશુચી, મલીનાદિ તથા કચરો વીગરે પડયું હોય તે કાઢી નંખાવી જગ્યા સ્વચ્છ કરાવવી.

અપૂર્ણ.

## समकित.

દશ દ્રષ્ટાંતે કરીને દુર્લભ એવો મનુષ્ય જન્મ પામવો કઠણ તેમાં પણ સમકિત પામવું તેતો ઘણુંજ દુર્લભ છે કહ્યું છે કે.

लभ्भइ सुरसामित्तं, लभ्भइ पहुअत्तणंनसंदेहो;
इगंनवरिंन लभ्भइ, दुलह रयणंच समत्तं ॥१॥

અર્થ—દેવતાનું સ્વામીપણું એટલે ઇંદ્રપણું પ્રાપ્ત થાય, પ્રભુતા ઐશ્વર્યતા પણ પ્રાપ્ત થાય એમાં કાંઈ સંદેહ અર્થાત્ નવાઇ નથી પરંતુ એક દુર્લભ જે સમ્યક્ત રત્ન તે પ્રાપ્ત થાય નહીં એટલું વિશેષ છે.

આવું અમૂલ્ય જે સમકિત રત્ન તે કદી પુન્ય સંયોગે પ્રાપ્ત થાય પરંતુ તેના ઉપર જે દ્રઢ ચિત્ત થવું તે અત્યંત કઠણ છે. જ્યાં સુધી દઢતા થતી નથી ત્યાં સુધી નવ ગ્રૈવેક પર્યંત જઇ આવીને પણ

---

[1] પ્રણામના મુખ્ય ત્રણ પ્રકાર છે. બે હાથ જોડી દશ નખ ભેળા કરી નમસ્કાર કરવા તે અંજળીબદ્ધ પ્રણામ ૧. અર્ધશરીર નમાવીને પ્રણામ કરવો તે અર્ધઅવનત પ્રણામ ૨. અને બે હસ્ત, બે જાનુ (ઢીંચણ) તથા મસ્તક એ પાંચ અંગ ભૂમિએ લગાવી ખમાસમણ પૂર્વક નમસ્કાર કરવો તે પંચાંગ પ્રણામ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાછા નર્ક તિર્યંચાદિ ગતિના દુઃખ ભોગવવા પડેછે માટે ૧આરામ દનની પેઠે સમકિત પ્રાપ્તિ કરીને તેમાં દ્રઢ થવું.

### અથ કથા પ્રારંભ.

આ જંબુદ્વીપમાં અર્ધચંદ્રાકારે ભરતક્ષેત્ર છે, તેમાં પૂર્વે લક્ષ્મીને રમવાના સ્થાનક જેવું લક્ષ્મિપૂર નામે નગર હતું, ત્યાં જેણે પોતાના પરાક્રમથી સર્વ શત્રુઓને ભયભીત કર્યા છે એવો વિક્રમ નામે રાજા રાજ્ય કરતો હતો. તે વિક્રમ રાજાને, જેમણે પોતાના નામ, કામવડે સાર્થક કર્યા છે એવા વિમળબુદ્ધિ, બુદ્ધિસાગર, સુબુદ્ધિ અને વિશાળબુદ્ધિ એ નામના ચાર ભાઇઓ પ્રધાનપદવીએ હતા; તેમાં કોઈ એક સમયે વિશાળબુદ્ધિની સ્ત્રી પદ્મશ્રી, જેણે પોતાના નામ પ્રમાણે સકળ જગતના કમળની લક્ષ્મીનો પોતાના રૂપથી તિરસ્કાર કર્યો હતો તેણે પોતાના જેઠના પુત્રાદિકના પાણિગ્રહણાદિક મહોત્સવ જોઇને અને પોતાને તેટલા સુધીમાં એક પણ પુત્ર કે પુત્રીની પ્રાપ્તિ થઈ નથી તેથી સ્વાત્માને અધન્ય માનીને પોતાના ઉદ્યાનમાં જઇને આક્રંદ કરવાનો પ્રારંભ કર્યો. પદ્મશ્રીનું કરૂણાજનક આક્રંદ સાંભળી તેની પાસે એક વાનરી આવીને કહેવા લાગી "હે સખી! તને એટલું શું દુઃખ છે કે તું આવી રીતે રૂદન કરેછે?" પદ્મશ્રીએ કહ્યું "કોઈની પાસે વૃથા પોતાનું દુઃખ કહેવાથી કાંઈ ફાયદો નથી શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—"દુઃખ તેને કહેવું કે જે પોતાને દુઃખે દુઃખી થાય અથવા તો દુઃખ દૂર કરવાને સમર્થ હોય" માટે તારાથી જો મારૂં દુઃખ નિવારણ થાય તેવું હોયતો હું તને મારા દુઃખસંબંધી વૃતાંત કહું."

વાનરીએ જ્યારે પોતાથી બનતો પ્રયત્ન કરવાનું કબુલ કર્યું ત્યારે પદ્મશ્રી પોતાનો વૃતાંત કહેવા લાગી—"મારા જેઠની સ્ત્રીઓને પુત્રોછે એટલુંજ નહીં પણ તે પુત્રોના પાણિગ્રહણનો સમય પણ આવ્યો. દુર્દૈવથી મને એક પણ પુત્રની પ્રાપ્તિ થઈનથી તેથી પોતાના

૧ આ કથા સમકિત કૌમુદી ગ્રંથમાં શ્રીમન્મહાવીરસ્વામીએ કહેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીર અને ભાગ્ય ઉપર અત્યંત ધિક્કાર છુટયો કે જેને એવી વાત મંદભાગ્યણી, બીજો કોઈ પણ ઈલાજ ન સુઝવાથી અત્રે આવી રીતે પ્રમાણે અશ્રુધારાએ મનનો શોક નિવારણ કરૂં છું." હતી

આ પ્રમાણેના પદ્મશ્રીના વચનો સાંભળી તે બોલી—"હે સખી આટે તને એક વન ઔષધી આણી આપું છું તે તું ઋતુસ્નાનને દિવસે પાણીમાં ઘસીને પી જજે, જેથી તને તેજ રાત્રે ગર્ભ રહેશે." એમ કહી તે વાનરીએ વનમાં જઇને એક ઔષધી પદ્મશ્રીને આણી આપી. તેણીએ ગર્ભની આશાથી તે ઔષધી લીધી અને વાનરીનો ઉપગાર માની કહ્યું કે, જો મને પુત્ર પ્રાપ્તિ થશે તો હું તને મારો એક લક્ષ મૂલનો હાર આપીશ. આ પ્રમાણે કહ્યા પછી તે પદ્મશ્રી જે વાનરીને મનુષ્ય ભાષા બોલતી સાંભળી અત્યંત આશ્ચર્ય પામી હતી તેણે વાનરીને પૂછ્યું કે 'તું મનુષ્ય ભાષા શી રીતે બોલી શકે છે'? તેણીએ જવાબ દીધો કે પૂર્વકૃત પુણ્યોદયથી મારી પાસે વાનરી વિદ્યા તેથી હું મનુષ્યભાષા બોલી શકું છું અને વાનરી ભાષા પણ બોલી શકું છું એ પ્રમાણે કહીને વનને વિષે જતી રહી.

પદ્મશ્રી પણ પોતાને સ્થાનકે આવી અને પુત્રની આશાથી ઋતુ સ્નાનને દિવસે નિર્મળ જળમાં ઘસીને તે ઔષધીનું પાન કર્યું અર્થાત્ ઔષધી મિશ્રિત જળ પીધું. દૈવયોગે તેજ રાત્રીએ તેને ગર્ભ રહ્યો અને ઉત્તરોત્તર વૃદ્ધિ પામવા લાગ્યો. પૂર્ણમાસે પૂર્વકૃત કર્મના ઉદયથી પદ્મશ્રીએ વાનરપુત્ર પ્રસવ્યો. આ વાનરપુત્રની વાત જો લોકમાં પ્રસિદ્ધ થશે તો હાંસી થશે એમ ધારીને તેમજ તે વાનરપુત્રથી આશા પૂર્ણ થવાની નિરાશા જાણીને તેને દાસી પાસે ઉદ્યાનમાં મુકાવી દીધો.

જે વાનરીએ પદ્મશ્રીને ઔષધી આપી હતી તે ત્યાં આવી અને વાનરપુત્રને લઈ ગઈ, પોતાનો સ્વામી જે કે વાનરોનો યૂથાધિપતિ હતો તેને તેણીએ કહ્યું કે હું ગુઢગર્ભા હતી તેથી કોઇના જાણવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાત આવતી નહોતી પરંતુ આજે મેં આ પુત્ર પ્રસવ્યો છે. આવી રીતે શીગરિને કરી પોતાના પતિને સમજાવ્યો. એ વાનરી તો વંધ્યા હતી તેથી તે વાનરપુત્ર તો સ્તનપાન વિના બહુ દુર્બળ થવા લાગ્યો. માટે તે વાનરીએ પોતાની બીજી વાનર સખીઓ હતી તેમને કહ્યું કે 'મને દુધ આવતું નથી તેથી થોડા દિવસ આ પુત્રને તમે સ્તનપાન કરાવો.' આવા કપટના વચન બીજી વાનરીઓએ ખરી માનીને તેના પુત્રને સ્તનપાન કરાવી પુષ્ટ કર્યો અને તે પણ ઉત્તરોત્તર વૃદ્ધિ પામવા લાગ્યો.

હવે પદ્મશ્રી પોતાની આશા ભંગ થવાથી નિરાશ થઇને ફરી તેજ ઉદ્યાનમાં આવી આક્રંદ કરતી હતી. તે અવસરે તેજ વાનરી ફરીથી તેની પાસે આવીને કહેવા લાગી—"એ સખી ! મારી ઉપરનો વંધ્યાપણાનો આરોપ ટાળવાને સારૂ મેં તને એકવાર ઠગી, અને તારાથી વાનરપુત્ર ઉત્પન્ન કરાવીને મેં મારી ઉપરનો આરોપ દૂર કર્યો. એ બાબતથી તારો ઉપગાર માનીને હું તને આ બીજી ઓષધી આપુંછું તેના પ્રયોગથી જરૂર તને નર પુત્ર પ્રાપ્ત થશે એમાં જરાપણ સંશય આણીશ નહીં. જો કે મારા વચન ઉપર હવે તારો વિશ્વાસ રહેશે નહીં પરંતુ હું વારંવાર તે છેતરી મારી ઉપર તારાથી થયેલા ઉપગારને બદલે અપકાર કરનાર નથી માટે તું જરાપણ ભ્રાંતિ રાખ્યા શિવાય પૂર્વની પેઠે ઋતુસ્નાનને દિવસે આ ઓષધી પીજે."

આ પ્રમાણે કહી તે વાનરી વનને વિષે ચાલી ગઇ.

અપૂર્ણ.

---

## सत्व.

(અગડ પુત્ર ચરિત્ર)

સાંધાણ પાને ૨૮ થી.

કર્મની ગતિ વિચિત્ર છે. દરેક પ્રાણીને આ સંસારને વિષે વિચિત્ર વેશ લેવરાવીને તે કર્મ પ્રમાણ કરાવેછે. કર્મથી સુખની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્તિ થાય છે, કર્મથી દુઃખની પ્રાપ્તિ થાયછે, કર્મથી સંપત્તિ આવી મળેછે, કર્મથી આપત્તિ આવી પડેછે, કર્મ સંકટનો નાશ કરી સુખ આપેછે, સુખનો નાશ કરી સંકટમાં નાખેછેઃ માઠા કર્મથી પ્રાપ્ત થયેલો વૈભવ ક્ષણવારમાં નાશ પામેછે, વ્યાધિ ઉત્પન્ન થાયછે, વિયોગ આવી પડેછે શોકનું આવાગમન થાયછે અને તેજ દુષ્કર્મ અપાર લક્ષ્મીનો ત્યાગ કરાવી વનવાસ લેવરાવે છે; તેજ દુષ્કર્મથી માતા શત્રુ થાયછે, પિતા પીડા કરેછે, બંધુ બંધન કર્તા થઈ પડેછે, પ્રાણપ્રીયાજ પ્રાણને સંકટમાં નખાવે છે અને પ્રાણથી પણ વહાલા મિત્રો વૈરી થઈ પડેછે આવા દુર્દ્ધર કર્મની સાથે બાથ બીડી તેને દુર કરવાનું મુખ્ય સાધન ધર્મ કાર્યમાં ઉદ્યમ કરવો તેજછે. ધર્મ કાર્ય કરવાથી સુકર્મોનો બંધ થાયછે, ગયેલી સંપત્તિ મળી આવેછે દુષ્મનો મિત્ર થાયછે અને દરેક પ્રકારની આપત્તિ દૂર થઈ સંપત્તિ થઇ જાય છે માટે આ જગત્રમાં કર્મજ બળવાન છે. વિચારો કે આ અજાપુત્રને તેના રક્ષણ કર્તા જે માબાપ ગણાય છે તેજ શત્રુવત્ થયા અને તેને પ્રાણસંશય વિઘ્નમાં લાવી મૂક્યો પરંતુ તેના પૂર્વ કર્મના પ્રાબલ્યથી થએલ જે ભાગ્યોદય તેણે કરીને આ બરવાડની દ્રષ્ટીએ પડયો અને તેને ત્યાં પૂર્ણ લાડમાં ઉછર્યો.

અનુક્રમે તે પુત્ર બાર વરસનો થયો. પોતાના પિતાની સાથે વનને વિષે દરરોજ ઢોર ચારવા માટે જવા લાગ્યો. એકદા તે પશુપાળ (અજાપુત્રના થએલ પિતા)ને જવરના રોગથી ઘણી પીડા પ્રાપ્ત થવાથી અજાપુત્રને અટવીને વિષે ઢોર ચારવા માટે એકાકી મોકલ્યો તે ઘણા વખત સુધી વનને વિષે રઝળવાથી પરિશ્રમ પામીને એક વડલાની શીતળ છાયા નિચે બેઠો. તેવામાં તે સ્થળે તે નગરીનો ચંદ્રાપીડ રાજા શિકાર કરીને આવતો હતો. ઘણે દૂર રસ્તેથી આવેલ અને શ્રમ પણ વધારે થયેલ તેથી નરપતિએ પણ તેજ વૃક્ષ નીચે વિશ્રામ કર્યો. એવામાં કોઇ દીવ્ય સ્વરૂપ વાળી અને દેવાંગના સદૃશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્ત્રી પ્રગટ થઈ રાજા પ્રત્યે કહેવા લાગી–"હે રાજન્! બાર વર્ષ પછી આ બાળક આજ સ્થળે એક લક્ષ સૈન્ય સાથે આવશે અને તારો ઘાત કરી આ નગરીનો રાજા થશે. મારી આ વાત તું સત્ય માનજે." આ પ્રમાણેના વચનો કહી તે સ્ત્રી અદ્રશ્ય થઈ.

રાજા આ વચનોને શ્રવણ કરી એકાએક આશ્ચર્ય પામ્યો અને ચમકી ઉઠ્યો, ચિંતવન કરવા લાગ્યો "આવા અસંભવિત વચનો કોણે કહ્યાં હશે! શું પૂરદેવીએ મારી ઉપર પ્રીતિ કરીને આગામી વિઘ્નની મને જણાવણી આપી હશે કે શું કોઈ વ્યંતરે મને ભય પ્રાપ્ત કરવાનો વૃથા પ્રયત્ન કર્યો હશે! કારણ કે જે બાળકથી મને વિઘ્ન થવાનું તે કહેછે તે તો આ એક ગરીબ ભરવાડનો પણ ચારનારો બાળક જણાય છે માટે તે ભરવાડનો પુત્ર એવો મોટો સૈન્યાધિપતિ થાય મારા મોટા રાજ્ય ઉપર હાથ નાખવાની હિંમત કરે અને મારો નાશ કરે એ તદ્દન અસંભવિત છે. તેથી દેવીનું વચન સારભૂત જણાતું નથી." આ પ્રમાણેનો રાજાનો અયોગ્ય વિચાર સાંભળીને સાથે આવેલા અને સમીપ રહેલા સુબુદ્ધિ પ્રધાન રાજા પ્રત્યે કહેવા લાગ્યા.

અપૂર્ણ.

---

# शत्रुंजय.

સાંધણ પાને ૩૨ થી.

ભાવનગરના શ્રાવકોના પોકારથી શ્રી અમદાવાદ મેનેજીંગ કમીટીના પ્રતિનીધી સાહેબોના હૃદયમાં કાંઈક અસર થઈ, તેટલામાં જેમ "કાંકરી ઘડો ફાડી નાખે" તેમ એક શા. ગીરધર બટા નામના ભાવનગરી શખ્સથી તે નથુ ધરમશીનું સઘળું તર્કટ ઉઘાડું પડયું, પાપનો ઘડો ફૂટયો અને કમીટીના લક્ષમાં તેની ઉપર પૂરેપૂરો શક આવ્યો. આ શક આવવાનો મૂખ્ય સબબ શ્રી બાપરીઆળીમાં ઉત્પન્ન થયો હતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છાપરીઆળી ગામ મહુવા અને ડુંગર ખુંટવાની નજદીક અને તે નેકનામદાર ભાવનગર દરબારશ્રી તરફથી શેઠ આણંદજી કલ્યાણજીને ગૌચરખાતે અર્થાત્ ઢોરઢાંખરના રક્ષણ નિમિત્તે બક્ષીસ દાખલ આપવામાં આવેલું છે. ત્યાં કાઠીઆવાડ ઈલાકાના મોટા ભાગ તરફથી ઘણા અનાશ્રિત ઢોરો આવે છે ત્યાં તેની તમામ સારસંભાળ વિગેરેનું કામ આણંદજી કલ્યાણજીના કારખાના તરફથી ચલાવવામાં આવે છે. તે માટે ત્યાં શાખાપેઢી પણ સ્થાપવામાં આવેલી છે. એ પાંજરાપોળની અંદરથી મરણ પામેલા ઢોરોની ભામનો ઈજારો દર વરસ આપવામાં આવતો હતો તે ઈજારો ઘણા વરસથી જામવાળીના ચમાર લોકોને આપેલો તે સદરહુ નથુએ તેનાજ સ્વાધીનમાં ફકત રૂ૧૧૦૦ માટે કાયમ રહેવા દીધો. શ્રી ભાવનગરવાળા મોમના જીવા હબીબ વીગેરેની વધારે માગણી છતાં તેમને તે આપ્યો નહીં કારણ કે આ ચમાર ઇજારદારો તરફથી તેને પૂરો લાભ મળતો હતો. બીજા લોકોની માગણી તે ચમારો કરતાં બમણી ત્રગણી હોવા છતાં ઈજારો આપ્યો નહીં એટલુંજ નહીં પણ તપાસ કરતાં જણાયું કે તે ચમારની પાસે પાંચ વરસની ભામના સુમારે (૫૬૦૦) રૂપૈઆ લેણા ખેંચાય છે. ચમારોને પૂછતાં તેઓ પોતાની પાસે તેટલું લેણું હોય તેમ કબુલ કરતા નથી અને પોતાના કામમાં નથુની સામેલગીરી હોય અર્થાત્ તેનો ભાગ હોય તેવો શક-દાર જવાબ આપે છે.

આ સઘળું તર્કટ તે ગીરધર બાટાથી ખુલ્લું પડ્યું, તેણે વધારે માગણીવાળા ભાવનગરના મોમનાને અમદાવાદ લઈ જઈ માસ્તર લલુભાઈ ધનજીને મળી તેમની મદદથી તે મોમનાઓને સંવત ૧૯૪૦ ની શાલનો ઈજારો રૂ૩૫૦૦) માટે કમીટી પાસેથી અપાવ્યો[1]. એ બા-

[1] સંવત ૧૯૪૧ ની સાલનો ઈજારો રૂ૫૧૦૦ કરીને તે મોમનાઓએ રાખેલો છે તેને રૂ૫૦૦ હાંસલના આપી મજકુર ચમારોએજ તે ઈજારો પોતાના સ્વાધીનમાં લીધો છે. જુઓ કેટલી નિમકહરામી!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બતમાં તે (ગીરધર બટા) ને રૂ૧૦૦) કમીટીએ ઇનામના આપ્યા અને તેને શ્રી છાપરીઆળી ખાતે નોકરીમાં રાખ્યો.

એક બાબતમાં શક પડવાથી બધી બાબતો શકદાર થાયછે તેવી રીતે આ બાબતમાં આગળ વધારે તપાસ ચાલવાથી ચોપડાઓની અંદરથી પાનાં કાઢી નાખેલા, રકમો ચેરેલી, નવી રકમો દાખલ કરેલી અને જુઠા નામા માંડેલા માલમ પડયા. આ તપાસની દરમીઆન તે ગીરધર બટાને પોતાનું તર્કટ ઉઘાડું કરનાર સમજીને મજકુર નથુએ તેનો ઘાટ ઘડવાને ધાર્યું અને તેવા કેટલાએક પ્રયત્નો પ્રસિદ્ધીમાં આવ્યા. આ બાબત, ગીરધર બટાએ પોતાના જાનમાલનું રક્ષણ થવા સારૂ નોટીસો છાપાવી અને કમીટી આગળ પોકાર કર્યો જેથી કમીટીએ છાપરીઆળી ખાતું પાલીતાણાની દેખરેખમાંથી જૂદું પાડી તે પેઢીના મુનીમ તરીકે શ્રી ગોઘાવાળા શા. આણંદજી હરજીવનની નેમણુક કરી તેની સાથે ગીરધર બટાને છાપરીઆળી મોકલ્યો. તેઓએ પાલીતાણે જઈ છાપરીઆળીનો ચાર્જ લેવા જવાનું મજકુર નથુને જણાવ્યું. નથુની તરફથી ચાર્જ લીધા અગાઉજ તેઓને સંકટમાં નાખવાનો પ્રયત્ન થયો પરંતુ ખાસ ચેતવણી મળવાથી તેઓ બચ્યા અને ચાર્જ લીધો.

એ બંને જણાઓ ઉપર આટલેથીજ બસ ન કરતાં સદરહુ નથુએ એક કેશરખાં નામના શીપાઇને ઉશ્કેરી થોડાજ વખતમાં તે ગીરધર બટાની ઉપર આફત લાવી મૂકી. તેને સદરહુ શીપાઇએ આશા ભરેલી ઉશ્કેરણીથી માર મારી ઉલટી શ્રી મહુવાની કોર્ટમાં ફરીયાદી કરી અને તે ફરીઆદ સાબીત કરવા માટે વકીલ વગેરેના ખર્ચ સારૂ શેઠ આણંદજી કલ્યાણજીના રૂપૈઆનોજ મજકુર નથુએ ઉપયોગ કર્યો. પાળીતાણામાંથી હુંડી લઈ મહુવે બીડી અને તે રકમો તર્કટી રીતે ખોટી વીગતથી ચોપડામાં દાખલ કરી[1] પણ ન્યાયની

૧ આ બાબતના તર્કટી કાગળો ભાવનગરની અંદર પકડાએલા છે.

કોરટમાં વ્યાજબી ઇનસાફ મળવાથી તે ગીરધર બાટા છૂટ્યા. ત્યાંથી ભાવનગર આવી અમદાવાદ ગયા.

અમદાવાદ જઈ મહુવાના કેસની અને ચોપડાના તર્કટની વળી બાબતો તેણે જાહેર કરી, કમીટીને કંટાળો આપ્યો અને ચોપડા અંદરની શકદાર રકમો સબંધી તેમજ કાઢી નાખેલા પાનાં સંબં ખુલાસો પુછવા માટે છાપરીઆળીના માજી મુનીમ બીજરાજ અમરચંદને અમદાવાદ તેડાવતાં તે અને ભાઇચંદ એ બેજણ સા ગયા. જો કે મુનીમ તો બીજરાજજી ગણાતો હતો પરંતુ ચલ માત્ર ભાઇચંદનું હતું અને તર્કટ માત્રમાં તે સામેલ હતો તેથીજ તે વગર તેડાવ્યે બીજરાજજી સાથે જવા જરૂર પડી. ત્યાર પછી કામા ખાના કાઢીને ગાંધી છગન જેઠા [1]પણ ત્યાં ગયો આ ત્ર જણાઓની જુબાની લેતાં આવેલા શકમાં વધારો થયો અને તે ખરી વાત શું છે એ જાણવા માટે કમીટીએ એકલા બીજરાજજી સમજાવવા ધાર્યું. આ વાતની ખબર નથુના કાકાના દીકરા શા નાથા આબજીને પડવાથી તેણે નથુભાઈ જેઓ તે વખતે ભાવનગરમાં બીરાજતા હતા તેની ઉપર અમદાવાદથી તાર કર્યો કે "તાંગ કાલ મેલટ્રેનમાંજ અહીં આવો, નહીં તો બીજરાજજી કમીટીને સઘ જાહેર કરી દેશે."

'પાપીઓનું પોગળ છાનું રહેતું નથી' એ કહેવત મુજબ તારની ખબર ભાવનગરની અંદર કારખાનાના હિતેચ્છુને પડ તેની અક્ષરે અક્ષર નક્કલ અમદાવાદ ગઇ અને નથુભાઇ પણ બી જેજ દીવસે અમદાવાદ એકાએક પધાર્યા અને તેથી કમીટીના સ હેબોને પણ અચંબા સાથે શકમાં વધારો થયો. નથુભાઇની

[1] છગન જેઠા શ્રી શેઠાણાળાની પેઢીનો મુનીમ, અને નથુનો મળ તીઓ, નિમકહરામ નોકરો માંહેનો એક છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુબાની લેવામાં આવી. તેઓ એક ખરી મુદ્દાનીજ બાબતમાં એકબીજાઓથીજુદા પડયા અને કમીટીએ સઘળું પોગળ જાણ્યું. કમીટીની અંદરના ઘણા સભાસદોના હૃદયમાં એમ ખાત્રીજ થઈ કે આ નિમકહરામ નોકરોએ કારખાનાના દ્રવ્યનો બીગાડ કરવામાં કોઈ પ્રકારની બાકી રાખી નથી. એ જુના નોકરો બધા એક મસલતીઆ છે અને તેઓએ એક બીજાના વિચારમાં ટેકો આપીને તેમજ અંદરખાનેથી મળી જઈને કારખાનાના પૈસા બની શકે તેવી રીતે ઉચાપત કર્યા છે. એ લોકોના હાથમાં કારખાનાનો અમલ વધારે વખત કાયમ રાખવો તે પુરૂ ભય ભરેલું છે. વળી આવી રીતે તેઓની ઊપર શક જવાથી જેમ જેમ વધારે તપાસ ચાલશે તેમ તેમ તેઓ વધારે બેદીલ થશે અને બેદીલ થવાથી દુશ્મનની ગરજ સારશે; માટે હવે તેમની પાસેથી સત્વર ચાર્જ તપાસી લેવો જોઇએ.

ખટપટી માણસો ભરૂંશો રાખવા લાયક હોતા નથી. અને તેવાઓનો ભરૂંશો રાખવાથી ઘણા મનુષ્યો ખત્તા ખાયછે. એ વિચારને મનની અંદર ધારણ કરીને કમીટીના માહેબોએ તેઓને જાણ થવા દીધા સિવાય શ્રી પાલીતાણે તથા ભાવનગર બે બે માણસોને ચાર્જ લેવા મોકલવાની ગોઠવણ કરી. પાલીતાણે વકીલ મગનલાલ સરૂપચંદ તથા અમદાવાદ સમાચારના અધિપતિ શા. લલ્લુભાઈ સુરચંદ એ બે શક્ષને મોકલ્યા અને ભાવનગર માસ્તર વૃજવલ્લભદાસ જેઠાભાઇ તથા શા. નારણદાસ અચરતલાલ એ બે શક્ષને મોકલ્યા.

તર્કટી અને પ્રપંચી માણસો સુખે સુઈ સકતા નથી, નિરાંતે નિદ્રા લેતા નથી અને ચિંતાગ્રસ્ત રહ્યા કરેછે તેમજ પોતાના સંબંધમાં શું શું વાતો ચાલેછે તે જાણવા માટે છુપા બાતમીદારો પણ રાખેછે. આવા બાતમીદારોથી ચાર્જ લેવાની ગુપ્ત રાખેલી બાબત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથુના જાણવામાં આવી અને તેથી તે પણ તેજ દીવસે કમીટીનો મનાઈ હુકમ છતાં પ્રેસીડેન્ટ સાહેબ અથવા બીજા કોઈ પણ સભાસદની રજા લીધા શિવાય ચાર્જ લેવા જનારની સાથેજ પાલીતાણા તરફ કુચ કરી ગયો.

ભાવનગર ચાર્જ લેવા આવનાર મી. પુંજાભાઈએ કમીટી તરફથી મળેલો લખીતવાર હુકમ ભાવનગરના સંઘના મુખ્ય માણસો બતાવ્યો અને તેઓની મદદ લઈ, આવ્યા તેજ રાતે ભાવનગર પેઢીના મુનીમ શા. છગન મુળજી પાસે ચાર્જની માગણી કરી. છગન મુળજી મજકુર નથુનો પુરો મળતીઓ અને તેના કહેવા પ્રમાણે વર્તનારો હતો તેમજ નથુએ તે છગનની મારફત ઘણાના ઘાણ કર્યા કરેલાં હતાં. તેથી તેણે કમીટીનો હુકમ પણ એકદમ કબુલ ન કર્યો. જ્યારે ખરેખરી સખતાઈ થઈ ત્યારે નીરૂપાય થવાથી ચાર્જ સોંપવાનું કબુલ કર્યું, અને ચાર્જ લેવાયો.

જે દીવસ મજકુર નથુ અમદાવાદમાંથી છુપી રીતે નીકળ્યો તે દીવસે તેનો દીકરો દેવચંદ ઊર્ફે ગાંડો ભાવનગરમાં હતો. તેથી તેની ઉપર ભાવનગરથી પાલીતાણે જવા અને છગનની ઉપર ઘણાં બગડેલા કાગળો ફેરફાર કરી નાંખવા તારથી ખબર આપેલા હતા અને તેનો અમલ પણ બરાબર રીતે થયેલો હતો. આ હકીકત ભાવનગરના ચાર્જની અંદરથી કાગળો વિગેરેની તપાસ કરતાં સમજવામાં આવેલી છે.

અપૂર્ણ.

---

લવાજમ તાકીદે મોકલાવશો.

For Private And Personal Use Only

ખાતું ગોઠવણ રહેશે અને બચાવ સારી રીતે થશે, નહીં તો વધારે ખર્ચથી અકળાઈને જો પાછું છાપરીઆળી અથવા પાળીતાણે જશે તો બીચા-રા બોકડાઓના બનતી ખુવારીનો સંભવ છે.

ભાવનગર તીર્થ રક્ષક કમીટી.

—※—

## લવાજમની પહોંચ.

(વૈશાખ વદ. ૧૦ સુધી.)

૧-૦ શેઠ ફુલચંદ મુળજી
૧-૩ માઉ ભગવાનદાસ નથુભાઈ
૧-૩ ગાંધી નેમજી ગાંગજી
૧-૦ શ્રી જૈનજ્ઞાન ઉત્તેજક સભા
૧-૦ શા. ગીરધર રતનજી
૧-૦ શા. છગન મેઘા
૦-૩ શા. વીરચંદ હરજી
૧-૩ છગન ધરમશી
૧-૦ શા. વીરચંદ ડાભા
૧-૩ શા. નાગજી સુંદરજી
૩-૯ શ્રી ભાવનગર જૈન શાળા હા. શેઠ ડાહ્યાભાઈ કમળશી.
૧-૩ ઠાકોર. નગચંદ બોઘાભા
૧-૦ શા. શાકરચંદ ભાઈચંદ
૧-૩ શા. તલકચંદ માણેકચંદ
૧-૦ શા. બાપુભાઈ ઝીણા
૧-૩ શા. દીઆળદાસ કાળીદાસ
૧-૩ શા. માણેકચંદ બકુભાઈ

૧-૦ શા ત્રીકમ મુળચંદ
૧-૦ શા. ઝવેર દામજી
૧-૩ ગાંધી અમીચંદ માલજી
૧-૩ પરી. ઓધવજી કરમચંદ
૧-૩ શા. જાદવજી કરશનજી
૦-૨ શા. કલ્યાણ લાધા
૧-૩ શા. કેશવજી નથુ
૦-૨ હરી રતના
૧-૦ પરી. મોહનલાલ ઠાકરશી
૧-૩ શા. નેણશી કલ્યાણજી
૧-૦ શ્રી જૈનજ્ઞાન દીપક સભા
૧-૦ વોરા. અમરચંદ જસરાજ
૧-૦ શા. આણંદજી પુરશોત્તમ
૧-૩ શા. દામા ધારા
૧-૩ શા. દગડુશા તલકચંદ
૧-૦ પરી. ઝીકર ભાગજી
૧-૩ શા. શીવચંદ પોપટ
૧-૩ ગાંધી હાથા કલ્યાણ

(બાકી)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિજ્ઞાપના.

આ ચોપાનીઉં જૈન સભાથી દર હીંદુ મહિનાની પૂર્ણિમાએ બહાર પડતા [illegible] તેનું લવાજમ અગાઉથી આપનારને રૂ ૦—૭—૦ પાછળથી આપનારને રૂ ૦—૮—૦ બહાર ગામ વાળાને પોસ્ટેજના રૂ ૦ ૩—૦ વધારે અને છુટક નકલ એકના બે આના.

જે સ્વધર્મીઓ ઉપર આ ચોપાનીઉં મોકલવામાં આવે તેમણે ગ્રાહક થવાનો વિચાર રાખવો. કદી ગ્રાહક થવું ન હોય તો તરતજ ચોપાનીયું અગાડ્યા શિવાય પાછું મોકલી આપવું. જેઓ પહેલા અંક રાખી પાછળથી બંધ કરવા લખે અથવા પાછું મોકલે છે તેમણે રાખેલા દરેક અંકના બે આના તથા પોસ્ટેજ મોકલી આપવું. ચોપાનીયા ઉપર બીલકુલ ન લખવું, પરબીડીઆ ઉપર પાછું મોકલનારે પોતાનું નામ જરૂર લખવું.

જે ચોપાનીઆના અથવા ન્યુસપેપરના એડીટરોની ઉપર આ ચોપાનીઉં મોકલવામાં આવે તેમણે બદલામાં પોતાનું ચોપાનીઉં કે ન્યુસપેપર મોકલવું, નહીં તો તે માલકોને ગ્રાહક તરીકે ગણવામાં આવશે.

આ ચોપાનીઆ સંબંધી [illegible] ભાવનગર [illegible] બારી રાજ્ય મહેલની સામે શ્રી જૈ. ધ. પ્ર. સભાની ઓફીસમાં સભાના મંત્રી અમરચંદ ઘેલાભાઈને લખવું. બોરીંગ કાગળો લેવામાં આવશે નહીં.

તંત્રી

For Private And Personal Use Only